# ગોમતીપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

ટેલી.નં. ૦૭૯-૨૨૯૪૧૯૨૧ polstn-gomti-ahd@gujarat.gov.in

પોલીસ કંટ્રોલ રૂમ ટેલીફોન નંબર-૦૭૯-૨૫૬૨૭૫૧૦


## પ્રેસનોટ

### ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક માસ અગાઉ બનેલ ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓને શોધી કાઢવા સારૂ મળેલ સુચનાઓ આધારે

ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૫૦/૨૦૧૯ ઇપીકો કલમ ૪૫૪ ૪૫૭ ૩૮૦ મુજબનો ઘરફોડનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાનો ભેદ ઉકેલવા સારૂ પોલીસ ઇન્સ્પેકટર શ્રી સી.બી.ટંડેલ સાહેબના માર્ગદશન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સશ્રી એસ.આઇ.રઇશ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પો.કો ભગીરથસિંહ વિક્રમસિંહ બ.નં.૧૩૦૮૭ તથા લો.ર હર્ષદભાઇ નગીનભાઇ બ.નં.૧૨૬૪૯ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે આ ગુનાના કામે ચોરીએ ગયેલ રોકડા નાણા તથા સોના-ચાંદીના દાગીના શકદાર સાજીદાબાનુ મોહમદ ઇબ્રાહીમ શેખ રહે.હનીફભાઇ ટંકવાળાની ચાલી શાલીમાર ટોકીઝની સામે ગોસીયા કોલોની સામે શાહઆલમ અમદાવાદ શહેર નાઓના મકાનમાં હોવાનો શક હોય જે આધારે સદરી જગ્યાએ બે પંચો રૂબરૂ ઝડતી તપાસ કરવા માટે પકડાયેલ આરોપી મોહમદ ઇબ્રાહીમ સ/ઓ મોહમદ ઇસ્માઈલ જાનમોહમદ  શેખ ઉ.વ.૪૦ રહે.હનીફભાઇ ટંકવાળાની ચાલી શાલીમાર ટોકીઝ સામે લોસીયા કોલોની પાસે શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર ના મકાનમાં રાખેલ તીજોરીના લોકરમાંથી રૂપીયા પાંચસોના દરની ભારતીય ચલણના રૂપીયા ૨,૫૦,૦૦૦/- તથા અલગ-અલગ સોના-ચાંદીના દાગીના જેની હાલની કિંમત આશરે રૂ.૭,૪૮,૧૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૯,૯૮,૧૦૦/- નો મુદ્દામાલ તપાસના કામે કબ્જે લેવામાં આવેલ છે. તેમજ પકડાયેલ ઇસમને પુછપરછ કરતા તેણે જણાવેલ કે આજથી વીસ-પચ્ચીસેક દિવસ અગાઉ પોતે પોતાના ઘરે પોતાની પત્ની સાજીદાબાનુ તથા સાળી આસ્માબાનુ સાથે પોતાના મકાનમાં હાજર હતા ત્યારે પોતાના સાળા જાવેદ ઉર્ફ થકેલી ઉર્ફ ચોર અજીજખાન પઠાણ રહે.શાહઆલમ નાએ ગોમતીપુર વિસ્તારમાંથી કોઇ જગ્યાએથી ચોરી કરી લઇ આવેલ અને અમોને સાચવવા માટે આપી જતો રહેલ છે. આ રોકડ રકમ તથા દાગીના અમારી માલીકીના નથી. આ મારો સાળો હાલમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં છે. તેમ જણાવેલ છે. આ ગુનાનો પકડાયેલ આરોપી હાલમાં રીમાંન્ડ ઉપર છે. ગુનાની આગળની તપાસ ચાલુ છે.

